વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

વર્ષ - ૩૭ : અંક - ૧ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જાન્યુઆરી ૭, ૨૦૧૯

# નવું વર્ષ : એક નવી ડાયરી

[ફાધર વાલેસ ભારતમાં આવ્યા ત્યારે એક પણ શબ્દ ગુજરાતીનો નહિ જાણનાર એક ખ્રિસ્તી પાદરી અને શિક્ષક આપણી ભાષાના જાણીતા અને સામાન્ય લોકોના, યુવાનોના માનીતા લેખક બની ગયા તે મોટું અચરજ નથી શું ? અને તે વાત જ પ્રેરણારૂપ છે.

'પર્વોત્સવ' નામના મારા માનીતા પુસ્તકમાંથી નવા વર્ષ ઉપરનો તેમનો એક લેખ, જે ખરેખર તો હિંદુ નવા વર્ષ માટે તેમણે લખ્યો હતો. તે અહી રજુ કરું એ જ મને મારા લખવા કરતા વધારે યોગ્ય લાગ્યું. ખૂબ સરળ ભાષા, સરળ શૈલી, સુંદર વિચારો અને જીવનમાં કામ લાગે તેવું દર્શન(ફિલોસોફી)એ ફાધર વાલેસની ખાસિયત તો, તમે જ માણો આ સંત, સમાજ, સુધારક અને ઉમદા શિક્ષક અને લેખકના નવા વર્ષ અંગેના વિચારો. - રાજેશ ભટ ના નૂતન વર્ષાભિનંદન]

**નવી ડાયરી**

**ફાધર વાલેસ**

નવા વર્ષની શરૂઆતમાં માનવીના પરમ પિતાએ માનવીને એક સુંદર ભેટ આપી. એક ડાયરી આપી. ત્રણસો પાંસઠ પાનાંની ડાયરી, ત્રણસો પાંસઠ દિવસનું વર્ષ.

પાકું પૂઠું. સોનેરી અક્ષરો.
ને માનવી ખુશ થઈ ગયો.
માનવી ઉત્સાહ માં આવ્યો.
ત્રણસો પાંસઠ દિવસ !
નવી જિંદગી ! નવું વર્ષ !

માનવીને થયું કે હવે મારા લાયક ભેટ મળી છે, મારી ખરી કદર થઈ છે. તો હું હવે બતાવું કે હું એ વિશ્વાસને પાત્ર છું ને મને એ ભેટ નો સદુપયોગ કરતાં આવડે છે. આ વર્ષ લઈ ને હું ઉત્તમ જીવન ગાળીશ, આ ડાયરી લઈ ને હું મારી રોજનીશી લખીશ. રોજ કરેલાં સત્કર્મો નોંધતો જઈશ. પુણ્યનો હિસાબ કાઢતો જઈશ, સાધનાના અનુભવ લખતો જઈશ. જીવનશાળામાં મળતા અગત્યના પાઠનો સાર હું એમાં રોજ લખતો જઈશ, ને સંતવચનો ને પ્રેરણારત્નોનો સંગ્રહ એમાં કરતો જઈશ.

એમ માનવી બોલ્યો, અને એને એમ બોલતો સાંભળીને એનો પરમ પિતા ખુશ થયો અને યોગ્ય ભેટ આપ્યા બદલ મનમાં પ્રસન્ન થયો. પછી એ રાહ જોવા બેઠો.

અને માનવી પણ રાહ જોવા બેઠો.

ને દિવસો પસાર થવા લાગ્યા.

ને ડાયરીના પાનાં કોઈ અદ્રશ્ય હાથે ઉથલાતાં રહ્યાં.

ને પાનાં કોરાં રહ્યાં.

દિવસો ખાલી ગયા.

સત્કર્મો નોંધાયાં નહી, પુણ્ય ઉમેરાયું નહિ, સાધના વધી નહિ. ને પહેલેથી જ શુભ કામ શરૂ કર્યું ન હતું એટલે પછી ક્યારથી શરૂ કરવું એ સમજાયું નહી. પેલી રૂપવાન કન્યાની જેમ ડાયરી રાહ જોતી રહી. અને પેલી રૂપવાન કન્યાની જેમ એ નિરાશ થઈ. જૂની થઈ. વિલાઈ ગઈ.

આખું વરસ વીતી ગયું.

ને માનવીએ એનો ઉપયોગ ન કર્યો.

સુંદર ભેટ નકામી ગઈ.

કીમતી ડાયરી પસ્તીમાં અપાઈ.

ને માનવી એ ભૂલી ગયો.

પણ માનવીના પરમ પિતાને એ વાતની ખબર પડી. માનવીએ સુંદર ભેટનો અનાદર કર્યો હતો, એ અમૂલ્ય સમય વેડફી નાખ્યો હતો એ એણે જાણ્યું. એટલે માનવીના પરમ પિતાએ મનમાં કહ્યું : ''એ તો મૂર્ખ છે. _ તો યે હું ફરીથી એને એવી ભેટ આપી જોઉં.''

અને નવી ડાયરી આપી.

(મૂળમાંથી ટૂંકાવીને)

❑

# શરીરમેં કોઈજાન નહીં રહતા ઈસ જોરોંકી ઠંડ મે..

**ઉત્તરપ્રદેશ**માં દર વર્ષે ઠંડીનું તાપમાન માઈનસમાં પહોંચી જાય છે, સૌથી વધારે તકલીફ ગરીબો એટલે કે, શ્રમજીવીઓને છે. ઠંડીમાં રાજ્ય સરકાર ઘણા પ્રકારના રાહતકામો જાહેર કરે છે, પણ ખરેખર આ કામો આ લોકો સુધી પહોંચી શકતા નથી, જે ખરેખર દુઃખની વાત છે. શ્રમજીવી બહેનોને તે અંગેની કોઈ જાણકારી મળતી નથી. ઉત્તરપ્રદેશમાં હાલમાં શીતલહેર ચાલી રહી છે, રાત્રે તો તેનો પારો એકદમ જ નીચો જતો રહે છે.

અલીગંજ કે ની ઝૂગ્ગીઓમાં માયાબેન વેચનાર છે. જે ફૂટપાથ પર એક પાંથરણું લગાવે છે, અને નજીકની એક ઝૂગ્ગીમાં તે પોતાના પરિવાર સાથે રહે છે. એમણે વાતચીત શરૂ કરતાં કહયું, સરકાર સમયાંત્તરે એમની ઝૂંપડપટ્ટી પર બુલડોઝર ચલાવતી આવી છે. અને અમે બધા અહીથી તહી ભાગતા ફરીએ છીએ. પણ આ વખતે તો ગજબ જ થઈ ગયો ! સરકારે હમણાં ત્રણ દિવસ પહેલાં જ આવી કડકડતી ઠંડીમાં બુલડોઝર ચલાવડાવી દીધું, જેનાથી અમારી આખી વસ્તી વેરવિખેર થઈ ગઈ. હવે, આવી કડકડતી ટાઢમાં હું મારા પરિવાર સાથે ખુલ્લામાં સુવા માટે મજબૂર બન્યા છીએ. પરિવાર માટે સૂવા-ઓઢવાનું પણ નથી. અમે નજીકમાં જ એક ઘરની બહાર અમારો સામાન રાખેલો છે. લોકોએ ધાબળા વહેંચ્યા પણ, અહી લોકો વધારે અને ધાબળા ફક્ત ૫૦ જ આવ્યા ! જેમાં જે વધારે તાકાતવાળા હતા એને મળી ગયા. ઘણા શ્રમજીવીઓ આ ધાબળા વેચી દે છે. કેમ કે, અમારી કામદાર બહેનો પાસે બાળકોને ખવડાવવા માટે પૈસા ન હતા, પ્રાથમિકતા ખોરાકની હતી. શું કરીએ ? આવું કરવું ગમતું નથી. પણ, બાળકોનું પેટ તો ભરવું પડે ને ?

કઢાઈકામ કરતાં ફરજાનાબેન બોલ્યા કે, ઠંડીમાં મારે રોજ ૮ કિલોમીટર દૂર કામ માટે જવું પડે છે. જયારથી ઝૂંપડપટ્ટી પર બુલડોઝર ફર્યુ છે. મારો બધો જ સામાન ખુલ્લામાં જ પડયો છે. અને કામનું નુકશાન એ અલગથી થઈ રહયું છે. મારા પતિ તો જેવી-તેવી રીતે પોતાની સાયકલ રીક્ષા પર સૂઈ જાય છે, પણ બાળકો અને હું પોતે ક્યાં સૂવ? ઠંડી તો બેહાલ કરી રહી છે અમને. અધૂરામાં પુરું, નગર નિગમવાળા આવીને અમારા ઝૂંપડાને ઉજાડી દે છે ! ને સૂવા માટે પાથરવાનું નથી. હમણાં ગામથી લાવેલા અનાજના પૂળાનું પાથરવાનું બનાવ્યું છે તેની પર સૂઈએ છીએ, જે થોડું ગરમ હોય છે. જો કોઈએ કપડાં દાન પણ કર્યા હોય તો તે પણ માપના હોતા નથી. અને જો અહીંની બહેનોને કોઈ સારી વસ્તુઓ મળી પણ જાય તો મજબૂરીમાં પેટ માટે ત્રીજાને વેચવી પડે છે. ઠંડીમાં આ સમયે કામને તો રોકીને રાખ્યું જ છે.

**રાયબરેલી જિલ્લાનો સલોન તાલુકો,** કે જ્યાંની બહેનો નાના અને સીમાંત ખેડૂતો છે જે, ખેતી અથવા બીજાના ખેતરોમાં મજૂરીનું કામ કરે છે. તેમની સ્થિતિ બહુ જ ભયાનક હતી. માત્ર અડધા વિઘામાં બટાકાની ખેતી કરવાવાળા મમતાબેનનું કહેવું હતું કે, ઠંડી જો શરીરને થોડું નુક્શાન આપે તો તે ચાલી જાય પણ, એક ખેડૂત માટે તેની ખેતી અને પાક જ એનું સર્વસ્વ હોય છે. અને આ, ઠંડીનું સ્તર જેવી રીતે વર્ષોવર્ષ જે રીતે વધતું જાય છે એનાથી અમારો બટાકાનો પાક દર વર્ષે બરબાદ થઈ જાય છે. છેલ્લા ૫ વર્ષોથી ઠંડી એટલી વધારે વધતી જઈ રહી છે કે, આ નીચે જતા તાપમાનને કારણે બટાકા જમીનની અંદર જ કાળા પડી જાય છે. જેથી બહારના વેપારી તેને ખરીદતા જ નથી. સાથે - સાથે ઠંડીની અસર અમારા પરિવાર પર પણ થાય છે. પૂરતી સુવિધા નહિ હોવાને લીધે અમારા બાળકોને પણ ઘણી મુશ્કેલી પડે છે. આની સાથે ખેતીમાં મજૂરી કરનારા અનિતાબેન જણાવે છે કે, તેમની પાસે વધુ ખેતી નથી તેથી બીજાના ખેતરમાં તે મજૂરી કરવા જાય છે. પરંતુ, પેટીયું અને ચાર પૈસા કમાવવા માટે તૈયાર થયેલી ઉભી ફસલ ઝાકળથી લદાયેલા પાકની વચ્ચે કામ કરવું પડે છે. આમાં ખેતરના માલિક સારી મજૂરી પણ આપતા નથી. કારણ કે, અમારાથી કામ વધારે થઈ શકતું જ નથી ને ! આખો દિવસ કામ કર્યા પછી ફક્ત ૫૦ રૂપિયા જ મળે છે. એક તો ઠંડી અને ઉપરથી ઝાકળ અને ધુમ્મસ ! ઠંડી કોઈ પણ રીતે અમારા ખેડૂત વર્ગ માટે લાભદાયી સાબિત થતી નથી. મમતાબેનની વાતને સમર્થન આપતા સલોનની રૂબીબેન જણાવે છે કે, ઠંડીનો માર એમના ચિકનકારીગરીના કામમાં પડે છે. જ્યારે ભયંકર ઠંડી હોય છે તો અહીની બહેનો બેરોજગાર થઈ જાય છે. વધારે ઠંડીમાં અહી ચિકન કારીગરીનું કામ મળવાનું ઓછું થઈ જાય છે. અહીયા કામ સીધું લખનૌથી મળે છે. જ્યારે વધારે ઠંડી હોય છે તો કોઈ વેપારી કામ આપવા માટે આવતા નથી. આ કારણથી પૈસાની તંગી વેઠવી પડે છે...

વણકર બહેનો પણ આ ઠંડીથી ત્રાહિમામ પોકારેલાં. તેમણે પણ ચર્ચામાં ઝૂકાવતાં કહયું કે, અમારું કામ જ એવું છે કે, ઠંડીથી બચવા માટે કામની જગ્યા પર તાપણું ના કરી શકીએ. સીતાબેને જણાવ્યું કે, એક વખત પાસેના ગામના વણકરો એ પાસે જ તાપણું કર્યુ અને એ તાપણાંથી એમના વણેલા કામમાં આગ લાગી ગઇ. જેનાથી એમનો પૂરો સામાન બળીને ખાખ થઇ ગયો. ત્યારથી કોઇપણ વણકરો કામની પાસે તાપણાંનો કરતાં જ નથી ને ! વણકર ભાઇઓએ જણાવ્યું કે, ઘણીવાર ઠંડી વધારે પડવાના કારણે જમીન પર બેસાતું યે નથી. ઠંડી અમારા કામને નુકશાન કરી દે છે.

આ ઋતુની વધારે અસરથી ઘરેલુ કામદારો પણ બાકાત નથી. એમનું કામ જ એવું છે કે, ના ઇચ્છતા હોવા છતાંય આવી અસહ્ય ઠંડીમાં પણ તેમણે કામ કરવું જ પડે છે. પૂનમબહેને જણાવ્યું કે, પોતાના ઘરથી જલ્દીથી નિકળીને બીજાના ઘરે જવા માટે આવી અસહ્ય ઠંડીમાં નીકળવું પડે છે. ગાઢ ધુમ્મસને કારણે કામ પર જવા માટે કોઇ સાધન પણ મળતું નથી. આના કારણે ઘણી વખત અમને મોડું ય થઇ જાય છે. અને ઘણી વખત અમારા રૂપિયા કપાઇ જાય છે આના લીધે ! આ વાત માલિકને સમજમાં કેમ આવતી નથી ? કામ માટે હતાશ થઇને ઘણાં ઘરેલું કામદારો પોતાના ગામ છોડીને શહેરમાં વસવા આવે છે. શહેરમાં એમની પાસે ના તો રહેવા માટે ઘરની વ્યવસ્થા હોય છે કે નાતો સ્થાયી કામ મળી શકે છે. અકળાયેલા મુન્નીબેને જણાવ્યું કે, આવી અસહ્ય ઠંડીમાં માલિક પોતે ઠંડીથી બચવા માટે પાણી અને ઘરના તમામ કામ પહેલેથી જ વધારે કરાવી લે છે. જેનું વધારે વેતન ના મળે, ઘણીવાર તો કામ કરતી વખતે પૂરા કપડાં પલળી જાય છે. આવી ઠંડીમાં આવા પલળેલા કપડાં સાથે કામ કરવું પડે છે. અમે બિમાર પડી જઇએ છીએ. બીજા દિવસે જો કામ પર ના જઇએ તો પૈસા કપાઇ જાય છે. અને દવાના પૈસા અલગથી ! મુન્નીબેનની વાતમાં આગેવાન સુમનબેન કહે છે કે, અમારું કામ બીજાને બહુ જ સારું લાગે છે અને ઓછી મહેનતવાળુ લાગે છે. પણ હકીકતમાં વાસ્તવિકતા કંઇક જુદી જ છે ! ઠંડીમાં પહેલાં મકાન માલિકના ઘરોમાં દોડાદોડ કરીને કામ કરવાનું અને પછી પોતાનું કામ કરવાનું હોય છે, બહુ જ મુશ્કેલી પડે છે...

બાંધકામ શ્રમિક કલાવતીબહેન જે કુર્સી રોડ પર એક બિલ્ડીગના બાંધકામ કામ માટે મજૂરી કરી રહયાં હતાં તે મિનીટ પોરો ખાવા અટક્યા અને અમારા સાથે વાતે વળગ્યા કે, ઠંડીથી સૌથી વધારે તકલીફ એમના બાળકોને થાય છે. કારણકે, કામ પર તેઓ પોતાના બે વર્ષના બાળકોને પણ સાથે લઇને જાય છે. એ માસૂમ બાળક આવી અસહ્ય ઠંડીમાં બિલ્ડીગની આસપાસ ખુલ્લામાં જ રહે છે. ગયા વર્ષે તો એને ઠંડી લાગી ગઇ હતી તેથી ૬ મહિના સુધી એની બિમારીમાં બધું જ કામ છૂટી ગયું. ઠંડીમાં હાથ-પગ બધુ જ કામ કરવાનું બંધ થઇ જાય છે. કેમકે, ચારેબાજુથી હવાની લહેરો આવે છે, અને કામ લગાતાર ચાલતુ જ રહે છે. ઘણી વખત તો હાથોમાં એવું લાગે છે કે, શરીરમાં કોઇ જાન જ નથી.. હાથ સૂન્ન થઇ જાય છે. ગઇ વખતે તો મારા હાથથી સામાન ભરેલી ટાંકી છૂટી ગઇ. જેનાથી મને ઘણું વાગ્યું. ઠંડી આવવાના પહેલાથી જ મને ઘણી તકલીફો થવા લાગે છે. વધુ ઠંડીને કારણે મારી સામે જ મારી જ સાઇટ પર બે વૃધ્ધના મરણ થઇ ગયા છે. મારા ઘરની બાજુમાં જ એક દાદાનું નિધન થઇ ગયું હતું. શ્રમિક હતા, ગરીબ હતા, એમણે ખુલ્લામાં જ કામ કરવું પડતું હતું. તેમની પાસે પૂરા કપડાં પણ ન હતા. ઠંડીએ તેમને ખૂબ ખરાબ રીતે જકડી લીધા. અને તેમનું મૃત્યુ થઇ ગયું ! છે ને કરમની કઠિનાઇ..

બહેનોની આ બધી વાતચીતથી એક તારણ નીકળીને આવ્યું કે, વધુ ઠંડીની ઋતુ બહેનોના સ્વાસ્થ્યને નુકશાન કરી રહી છે. સાથે-સાથે કામદાર બહેનોના કામ પર પણ અસર કરી રહી છે. આ ઠંડીના મારથી તેમની આર્થિક સ્થિતિમાં પણ તંગી આવી રહી છે. ઘણી જગ્યાએ નગર નિગમે ઝૂંપડપટ્ટીઓને ઉજાડી દીધી છે. ઠંડીથી બચવા માટે સરકાર રેનબસેરા બનાવે છે પણ એમાં બહેનો રહી શકતી નથી. જેથી પરિવારવાળા મજૂરો આમાં ઓછા જાય છે. હમણાં ગયા વર્ષે લખનૌમાં સરકાર તરફથી ઠંડીમાં બચવા માટે મજૂરો સૂઇ શકે તેવા એક રેનબસેરા રસ્તાના કિનારે બનાવવામાં આવ્યું. અચાનક આટલી ધુમ્મસમાં એક અનિયંત્રિત કાર આ રેનબસેરામાં ઘૂસી ગઇ. અને લગભગ ૨૦ થી વધારે મજૂરો ઉપર ચઢી ગઇ. ઘાયલ થયેલા પ્રાથમિક સારવાર માટે ગયેલા વધારે મજૂરોને હોસ્પિટલમાંથી છૂટ્ટી આપી દીધી. પરંતુ, ૧૫ દિવસ પણ કામ કરવા માટે યોગ્ય ના રહયા.

આવી રીતે ઠંડી દર વર્ષે ગરીબોને પરેશાન કરી રહી છે. દર વર્ષે એવી આશા લાગે કે, આ વર્ષે ઠંડી ઓછી પડે તો સારું...

નથી સહેવાતી આ ઠંડી અમ ગરીબોને- શ્રમજીવીઓને...

**- ફરીદા જેલીદસ**

પ્રધાનમંત્રી, સેવા ઉત્તર પ્રદેશ

❑

# શેઠની રાડ ને આ ટાઢ બેય સહન કરીએ...

(ભાવનગરની અલંગના જહાજોના તૂટતા માલ-સામાનનું રીસાયકલ કરતી શ્રમજીવી બહેનોની કથા)

'' ૧૦.૨ ડીગ્રીથી ભાવેણું ઠંડુગાર,''

'' છેલ્લા ૭ વર્ષમાં આ વર્ષની ઠંડી સોથી વધુ,''

'' ઠંડીએ વર્ષ ૨૦૧૪નો રેકોર્ડ તોડ્યો,''

''ગાત્રો થીજાવતી ઠંડીએ ભાવેણાવાસીઓને કર્યા ઠંડાગાર''.

આવી તો એક નહીં અનેક હેડલાઇન બની રહી છે ભાવનગરના છાપાઓની. કોઇ પણ છાપુ લો કે, પછી કોઇ પણ દિવસનું છાપુ ઉઘાડો કે, બસ પહેલી નજર હેડલાઇન પર પડે અને એ હેડલાઇન ઠંડી ની જ હોય. જે આમ તો લોકો માટે એક સમાચાર કહેવાય અને ચર્ચા કરવાનો એક મુદ્દો. પણ મારા

માટે તો આ વાંચીને પહેલો વિચાર મારી સેવાની કામદાર બહેનોનો આવ્યો કે, આવી હાડ થીજાવતી ઠંડીમાં લોકો ઘરમાં બેસીને પણ ઠૂંઠવાઇ જતાં હોય તો પેટીયું રળવા જતી મારી શ્રમજીવીબહેનોનું શું થતું હશે.? જેને ટાઢ હોય કે તાપ કામ કર્યે જ છૂટકો ! એમના વિશે હું તો શું કહું ??

**- કાંતાબેન મકવાણા, પ્લાસ્ટીક કામદાર, ભાવનગર**

## ''અલંગમાં જહાજો તૂટે છે ભંગાર તોડતાં અમારા જીવન તૂટે છે''

મારું નામ રોશનબેન. હુ છેલ્લા પચ્ચી વરહથી ભંગાર તોડવાનું કામ કરું છું. બેન તમે એમ પૂછો છો કે ઠંડીની અમારા કામ પર શું અસર થઇ છે ? તો સાંભળો.. કે અમે દરિયાના ખાડી વિસ્તાર પાસે રહીએ એટલે અમારે ત્યાંતો તમે કો એના કરતાં પણ બમણી ઠંડી પડે. ઠંડા પવનના સુસવાટા બોલે. શરીર આખું ઠું થઇ જાય અને હાથ તો ટાઢાબોળ થઇ જાય. હાથ જાણે કે થીજી જાય. અને અમારે તો આ હાથેથીજ કામ કરવાનું હોય. ઠરેલા હાથે હથોડો પકડવોંય ભારે પડે. પૂરા જોર થી ઘાય નો કરી શકાય. ભંગારને પકડવામાં પકડેય સારી નો રે. એટલે ક્યારેક ભંગાર છટકી જાય ને હથોડો હાથ પર પડે. એટલે કામ પૂરા જોરથી નો થાય એમાં વાર ઝાઝી લાગે એટલે ઓછો ભંગાર તૂટે ને પૈસા ય ઓછા મળે. એમાં વળી ઠંડા વાયરાની ઝપેટમાં આવી જઇએ એટલે તાવ-શરદી-ખાસી વળગે. ચામડી ટાઢી થઇ તરડાઇ જાય એટલે ખંજવાળ આવે ને હાથપગે ચીરા પણ પડી જાય. રાતે સુઇએ નો શકીયે. આવું મારા એકલાનું નથી બધીય બેનો જે અલંગમાં જહાજો તૂટે છે તેના ભંગાર તોડવાનું કામ કરે છે એ બધાયની આ જ તકલીફ છે...

**- રોશનબેન બલોચ, ભંગાર તોડનાર, ભાવનગર**

**- મીનલ**

## હાલ્યો હિમાળો ધ્રુજે ધરતી , ડોલ્યા અગરિયાના દાળા, તોય કરવી પડે મજુરી

હાલમાં જે ટાઢ પડી રહી છે આવી છેલ્લા ૧૦ વર્ષ થી પણ વધારે સમય થયો પડી નથી પણ અત્યારે તો સુખિયા લોકો મોડા ઉઠે તોય ચાલે અને કામ પર જવું હોય તો જાય નહીતર નાં જાય જયારે કચ્છ ના નાના રણમાં કામ કરતા અગરિયા બેહનો માટે તો અત્યારે જ ખરું કામ હોય બે થી અઢી કરમના પાટા માં રોજ સવારમાં જ દંતારા કરવા પડે જો દંતારા નાં કરે તો નવું પાણી રોજ પાટા માં આવે તે મીઠું બનવા જ નાં દે અને બધું ચોટી જાય , રોજ ૪ થી ૫ કલાક તો દંતારા કરવા જ પડે રાત આખી પાટામાં પાણી ઠરી ગયું હોય પગમાં બુટ પેહરે તો ય ધ્રુજતા હોય , મજુર તો રાખવા પોસાય નહિ મજુર ને અડધા દિવસના ૨૦૦ રૂ આપવાના ને એ પાછા સેઠિયા કે કંપની જે ખાવા માટે હપ્તો આપે એમાંથી આપવાના એટલે ખાવાના પૈસા પણ ખૂટે.

બીજું આ વર્ષે વરસાદ ઓછો થયો છે એટલે ઉનાળામાં કુવામાં પાણીના તળ પણ ઊંડા જશે એટલે અત્યાર થી બીજા એક બે કુવા વધારે ખોદવા પડે છે નહીતર પાણી ઊંડા ઉતારી જાય તો વેપારી હપતા પણ બંધ કરી દેશે તો બીજે ક્યાં મજુરી ગોતવા જશું એ બીક માં નવા કુવા અત્યારે ખોદી ને તૈયાર રાખે તો પાણીની ચિંતા ના રહે. આટલી ઠંડીમાં કુવા હાથે ખોદવાના અને માટીના પીંડા હાથથી (ગારા) ઉપાડવાના હાથમાં તો છાલા પડી ગયા છે ઓડુ ગામના અમરતબેન કહે, બેન ઠંડીમાં ગારા કામ કરીએ એટલે કમર ,ઢીંચણ અને પગ બહુ જ દુખે છે.

ટીકર ગામના હંસાબેન કમલેશભાઈ કહે કે, ઠંડીના હિસાબે સાંજ પણ વેલી પડી જાય દિવસ ટુંકો ને કામ વધુ અને જો અત્યારે ઉનાળાની તૈયારી ના કરીએ તો અમારી તો સીઝન જ ગઈ સમજવાનું. ૨૦૦૧માં ધરતી કંપ થયો ત્યારે આવી ઠંડી હતી એવી અત્યારે છે.

આવી ઠંડીમાં જુના કોથળાના કટકા-કટકા લાવી ને ભેગા કરીને ઝુપડા બાંધ્યા હોય એમાં કેવી રીતે અગરિયા બેહનો અને તેમના પરિવાર દિવસો કાઢતા હશે એ તો વિચારવું જ રહ્યું, એક તો ગોદડા પૂરતાનાં હોય, બીજું જમીન પર સુવાનું અને રાત્રે મશીન બંધ થઇ જાય તો ચાલુ કરવા જવું પડે. મશીન પણ ઠંડી ના હિસાબે બંધ પડી જાય તો કકરો કરવો પડે, બેહન કકરો પકડે અને ભાઈ આગ ચલાવે. પવનના લીધે કપડા પણ સળગી જવાની બીક હોય છે. અત્યારે જનાવર ને પણ ઠંડી લાગે એટલે ઝુપડા જ્યાં જોવે ત્યાં આવી ને બેસી જાય. અને ભૂંડ પણ બહુ આવે ખાવાની વસ્તુ હોય તે પણ ખાઈ જાય છે. નાના છોકરાવ તો આખી રાત બીકમાં જાગતા હોય છે.

સેવા સંગઠન દ્વારા અત્યારે આપણને ઠંડી સામે રક્ષણ મળી રહે તે માટે કેનવાસની તાડ પત્રી બેહનોને આપી એ છીએ. પણ તેટલેથી શું ? !

**- હિના દવે**

## કાશ્મીરમાં ઠંડીનું પ્રમાણ સમયથી વધારે થઇ ગયું હોવાને કારણે કુપવારા અને ગાર્ધબલના બહેનોના ઠંડીના અનુભવોના ટાંચણ :

- કાશ્મીરમાં ૨૮ વર્ષ બાદ આ વર્ષે ઠંડીની શરૂઆત વહેલા થઇ.
- ઠંડીની શરૂઆત વહેલા તો થઇ પરંતુ બરફ સમયથી પહેલાં પડયો.
- દર વર્ષે જે બરફ પડતો હતો તે જાન્યુઆરીમાં પડવાની શરૂઆત થતી આ વર્ષે નવેમ્બર મહિનામાં બે ફૂટ પડયો.
- દર વર્ષે બરફ સમય કરતાં વહેલા પડવાના કારણે ખેતીમાં, બાગોમાં નુકશાન થયું છે.
- આ વખતે નવેમ્બર મહિનામાં જે બરફ પડયો તે ભારી હતો જેના કારણે સફરજન ઝાડ પરથી ઉતાર્યા પણ નહોતા જે નીચે પડી ગયા, જેનાથી બાગોમાં નુકશાન થયું છે.

- રસ્તામાં ચીનારના ઝાડની ડાળીઓ તૂટી ગઇ અને ગામોમાં ખેતીમાં નુકશાન થયું.
- ઠંડી વધારે પડવાના કારણે તેમજ બરફ વજનમાં ભારે હોવાના લીધે લાઇટના થાભલાંના વાયરો તૂટી ગયા જેના લીધે ઘણી તકલીફ પડી જેમ કે, ગરમ પાણી ન મળવાના કારણે ૧૫થી ૨૦ દિવસ સુધી નાહી શક્યા નહી. જેના કારણે ખંજવાળ, સ્ત્રીઓના માસિકને લગતી સમસ્યા, બાળકોને શરદી, ખાંસી અને તાવના કેશ વધ્યા. અને મોટી ઉંમરના વ્યક્તિઓના હાડકાંઓના, નશો અને હાર્ટને લગતી બિમારી વધી.

ટ્રાન્સફર્ટની સુવિધા અટકી ગઇ તેમજ બરફ પડતા સાંજના સમયે રોડ પર ગાડીઓ સ્લીપ થવાને કારણે અકસ્માતના કેશ પણ વધ્યા. ટ્રાન્સફર સેવા અટકતા રોજગાર અટકી ગયા.

ઠંડીના લીધે આ વર્ષે શરીરની નશોને લગતી તકલીફો વધી જેમા ઘણાં નાની ઉંમરના અને મોટી ઉંમરનાને પેરાલિસિસના કેશો વધ્યા છે.

આ વર્ષે ઠંડી સમય કરતાં વહેલા પડી. જેના લીધે વોટર સપ્લાય જામી જતા તેમા તકલીફ પડી. જેના લીધે નળમાં પાણી જામી ગયા. શરીરમાં સૂકાપણું આવતાં બિમારીઓ પણ વધી.

ખેતીમાં નુકશાન અને વાહનવ્યવહારની સુવિધા બંધ થઇ જતાં લીલા શાકભાજી મળતા બંધ થઇગયા. જે સુકવેલા શાકભાજીનો ઉપયોગ જાન્યુઆરી મહિનામાં કરતાં કે અમારે નવેમ્બર મહિનામાં જ વાપરવું પડયું.

ઉંમરવાળા લોકોનું કહેવું છે કે, ડિસેમ્બર મહિનામાં જ્યારે બરફ પડતો તે સમયે ઠંડી ઓછી થતી પરંતુ આ વર્ષે નવેમ્બરમાં પડી જેના લીધે ડિસેમ્બરમાં બરફના પડતા હાલમાં અતિશય ઠંડીનું પ્રમાણ વધ્યું છે. આ વર્ષે વાતાવરણમાં બદલાવ આવી ગયો.

ઘર વપરાશ માટે જે ઠંડીને સમગ્રી ભરતા હતા જેમકે લાકડા, અનાજ, કપડા, બુખારીનો સામાન વગેરે પહેલા નવેમ્બર મહિનામાં ભરતા જે હાલમાં એ તૈયારી પણ નહોતી કરી.

સ્કૂલોમાં નવેમ્બર મહિનામાં પરીક્ષા લેવામાં આવતી હતી જ્યાં ઠંડીના કારણે લાઇટો જતાં બાળકોની પરીક્ષા ચાલુ રહે તે માટે મીણબત્તી, ગરમ સાધનોની સુવિધા પુરી પાડી. પરીક્ષા લીધી તેમજ સેવાએ સ્કૂલોમાં વેકેશન સમય કરતાં પહેલાં પડી ગયું.

બહેનો પાસે જે ભરતકામના ઓર્ડરનું કામ હતું તે સમયસર પુરું કરી ન શક્યા. જેના કારણે રોજગારી પર અસર થઇ.

**આગેવાન બહેનોના નામ :-** સીરીનાબેન- કુપવારા- ભરતકામદાર બહેન અને પ્રમુખ

શહેનાઝાબહેન - કુપવારા-વણાટના માસ્ટર ટ્રેનર બહેન

દિલસાદાબહેન- ગાર્ધબલ- ભરતકામદાર આર્ટીજન બહેન

આમીનાબહેન - ગાર્ધબલ- ખેતીકામદાર બહેન

**- દિશા**

**'સેવા' કાશ્મીર**

❑

# ઠંડીને લીધે રોજગારી પર માઠી અસર

મહેસાણા જીલ્લાની વાત કરીએ તો, ઠંડીના કારણે સભ્યોની રોજગારી અને આરોગ્ય પર જે અસર થયેલ છે તેનું લખાણ આપને મોકલી આપીએ છીએ .

ખૂબ જ ઠંડી હોવાથી ગામડામાં સભ્યો ને રોજગારી માં પણ અસર પડેલ છે જેમકે ઝાકળ ના કારણે દિવેલા કોકડું વળી ગયા અને ઘાસ ચારા માં પણ મેલો આવેલ અને ખેતરમાં પણ નિદામણ માટે મજુરી પણ ન મળે અને દિવેલા નો ઉતારો પણ ઓછું અને પશુ ને પણ ઘાસ ચારા માં મેલા ના કારણે લીલું ઘાસ ઓછું ખાય અને તેમના આચળ પણ ફાટી જાય તેથી દૂધ પણ ઓછુ આપે. તેનાથી પણ તેમની રોજગારી પર અસર થઇ છે. આપણા સભ્યો અને બાળકોને પણ ઠંડીના કારણે શરદી ખાંસી, હાથ-પગના દુ:ખાવા વધી ગયા છે તેમજ, ઘણા લોકોને શ્વાસની તકલીફ થઇ ગઇ છે. તેથી મજુરીએ નથી જઈ શકતાં અને બાળકો પણ બિમાર હોવાથી શાળાની રજાઓ પડે છે. અને બીમાર પડવાથી દવાના ખર્ચા વધતાં, સભ્યોની આવક કરતાં જાવક વધી જાય. વધુ ઠંડીના કારણ બળતણ વધારે વપરાય તેના કારણે લાકડાનો ખર્ચો વધી જાય અને પર્યાવરણમાં પણ નુકશાન થાય છે.

**- હસુમતી**

ગાંધીનગર જિલ્લાના અહેવાલ પણ કંઇ એવા જ છે. વધુ ઠંડીના લીધે પરોઢિયે ખેતરોમાં ઝાકળ પડે, ધુધળા વાતાવરણમાં કઇ દેખાતું નથી અને ઠંડીના કારણે ખેતરોમાં પગ મુકાતા નથી. જેથી બહેનોની રોજગારી ઉપર ઘણી અસર પડી છે.

દુધાળા પશુ પર ઠંડીની ઘણી અસર પડી છે. ભેંસ દિવસના ૧૦ લીટર દુધ આપતાં તેમા ઘટાડો થયો છે. સરેરાશ એક ગામમાં પશુના ૮થી ૧૦ નાનાં વાછરડા મૃત્યુ પામ્યા છે. આના કારણે ભેંસો (દોવા) દેતી નથી, જેથી આવકમાં પણ ઘટાડો થયો છે.

બહેનોના સ્વાસ્થ્ય પર પણ ઘણી અસર પડી છે. બહેનોને સાંધાના દુ:ખાવા અને શ્વાસની બિમારીઓ વધી ગઇ છે. પરોઢિયે કંપનીમાં અને ઘર કામ કરવા જતી બહેનોને હાથ-પગના તળિયા ઠરી જાય છે તેમ છતા મજુરી કર્યા વીના છુટકો નથી. શટલ રીક્ષા ચલાવનારાને સાધન ચલાવવાની હિમ્મત થતી નથી જેથી રોજગારી પર માઠી અસર પડે છે. આમ ઠંડીના કારણે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે.

વધુ ઠંડી પડવાથી ખેડૂતોને એક ફાયદો પણ, છે કે, ઘઉં અને જીરાનાં પાકનું ઉત્પાદન સારું થશે.

**- તારાબેન**

❑

# ગરીબીની મારણ ઠંડી

અમરાઇવાડી, નરસિંહનગરમાં બહેનો સાથે મિટીંગ કરતી હતી તો કહે, બેન આ શિયાળાનો ટૂંકો દિવસ અને ઠંડી કેવી પડે છે, ઠુંઠવાઇ જવાય છે. સવારે વહેલા ઉઠાતું નથી અને કામનો પાર જ આવતો નથી ઠંડીના કારણે હાથ-પગ, કમરમાં દુ:ખાવો થાય છે.

અને હાથ-પગમાં ખંજવાળ આવે છે, ચામડીની એલર્જી થાય છે. હાથ-પગમાં વાઢીયા પડે છે, સવારે કપડાં- વાસણ કરતાં કરતાં તો હાથોમાં અને પગમાં બળતરા બળે છે ઠંડીના કારણે અને શરદી થાય એ તો જુદી, આ ઠંડીમાં દવા લાવીએ તોય શરદી તો જલદી થાય એ તો મટતી જ નથી. ઠંડી શરૂ થઇ કે તરત જ હાથ-પગના વાઢીયાની પણ સિઝન ચાલુ થઈ જાય છે. એના કારણે બહુ તકલીફ પડે છે અને ધુમ્મસવાળું વાતાવરણથી માથા પર ભાર વધારે રહે છે એના કારણે જે અમે સ્ટોન ભરવાનું કે, થેલીઓ તોડવાનું કામમાં અસર પડે છે. ઉનાળામાં ૨૦૦રૂ.નું કામ કરતાં હોય તો ઠંડીમાં માડ ૫૦ કે ૬૦ રૂ. કામ થાય એટલે આવક પણ ઘટી જાય અને ઠંડીમાં ખાવા વધારે જોઇએ, કપડા વધારે જોઇએ એટલે ઠંડીના કારણે આવક ઘટે અને ખર્ચા વધે, કેમ નભવું ? ઠંડીને ગરીબોનો અમારો કેમ વિચાર આવતો નથી ? નિષ્ઠુર.

- **રમીલા**
અમદાવાદ

❑

**હાલમાં થયેલ સિક્કિમમાં બરફવર્ષાના સમાચાર સાંભળીને બેકરીમાં કામ કરતા રૂપમાયાબેન રાયનાના જણાવ્યા મુજબ,**

'હમણાં બે દિવસ માટે કુદરતે પુરારાવન્ગલા બ્લોક પર જાણે કે, સફેદ ચાદર પાથરી દીધી છે. અહિયાનું તાપમાન હતું માયનસ ૩ ડીગ્રી. પણ આ તો અમારા માટે કાયમનું છે. અહિયાં ગરમી નો તો અહેસાસ પણ થતો નથી. હા, બરફવર્ષા થવાથી અમારા ધંધા રોજગાર બંધ થઇ ગયા છે. આ વખતે બે દિવસ બરફવર્ષા થઇ. તેટલા દિવસ ધંધો બંધ થવાથી રોજના અમે જે ૨૦૦થી ૩૦૦ રૂ. કમાઇએ છીએ તે બંધ થઇ ગયા અને આ સમયમાં ગરમ કપડા વધારે પહેરવા પડે છે અને ગરમ ખોરાક લેવો પડે છે. જેને કારણે ખર્ચ વધી જાય છે.બાકી અમારા માટે તો આ રોજનું છે.'

કીતામવોર્ડમાં હોમસ્ટે ચલાવતા પુન્યકલાબેન પ્રધાન સાથે વાત થઇ તો તેમનું કહેવું છે કે, બરફવર્ષા થાય તે અમારા માટે તો નવું નથી. પણ આ સિઝનમાં બહારથી પ્રવાસીઓ તે જોવા માટે બહુ આવે છે એટલે મારા માટે તો આ ધંધાની તક પણ છે. બરફવર્ષા થવાથી ખાસ કોઈ આરોગ્ય ને અસર થતી નથી.

- **શારદા પરમાર**

❑

# અમદાવાદ શહેરીકરણ પર ઠંડીની અસર

શિયાળાની સિઝનમાં ઠંડી આવે છે ને જાય છે, જેને લીધે તાપમાનમાં વધઘટ થયા કરે છે. જેની અસર આપણાં શ્રમજીવીઓ પર વધુ વર્તાય છે. ઠંડીને લીધે શરદી, ઉધરસ, કફ જેવી સમસ્યાઓ વધી જાય છે. ઠંડીની ઋતુમાં દિવસ નાનો અને રાત લાંબી હોવાથી ઘરના કામ અને બહેનોને રોજગારી સંભાળવી મુશ્કેલ પડે છે. તો થયું કે, લાવોને આપણી શ્રમજીવી બહેનોના પર કેવી અસર છે ઠંડીની તે ખબર પૂછવા જઇએ તો, હું ને અંજનાબહેન અને સંતોકબહેન સાથે વિસ્તારમાં ગયા.

**નરોડા-મેમ્કો** વિસ્તારના કડિયા કામદાર લીલાબહેન રાઠોડ કહે, અમારે કડિયા કામદારને તો સવારે ઉઠી ઘરનું કામ પરવારીને એ ને નાકે દોડવાનું હોય, એ પછી શિયાળો હોય ઉનાળો કે ચોમાસુ હોય અમારે તો બારે માસ સરખા હો...

શિયાળાની શું વાત કરું, હમણાં બે - ત્રણ વરસથી તો શિયાળો વર્તાતો ન હતો. ચોમાસામાં વરસાદ પણ ઓછો થઇ ગયો છે, બારેમાસ જાણે વરહ દાડો નરો તાપ જ લાગે. હા પણ આ વરહમાં ઠંડી પડી એવું લાગ્યું કે, શિયાળો છે !

સવારમાં ૮ વાગ્યામાં કડિયાનાકા પર પહોંચી જાઉં છું. જો મોડી જાઉં તો કામ ના મળે, ને ઠાલા ઘરે પાછા આવવું પડે. નાકે જતા રસ્તા પર એવો ઠંડો પવન લાગે જાણે કે, હેમ પડયો હોય ! ઠંડીને લીધે ઘરની બહાર નિકળવાની ઇચ્છા નથી થતી. તોય જાઉં પડે શું થાય પેટ માટે વેઠ તો કરવી જ રહી ! કામે જાઉં ને ઈંટો ઉપાડવાની થાય તે પાણી વાળી હોય ને હાથમાં લઉં તો હાથ કાપવા માંડે. ઈંટોની પાટલી માથે લઇ ને વળી બીજે માળે ચઢવાનું, એવા ઢીચણ દુ:ખે છે ના પુછોને વાત. શરીરની ચામડી સાવ ફાટી જાય છે, અને પગની એડીમાં પણ ચીરા પડી જાય છે. તે આ ઠંડીમાં પગ પણ નથી ચાલતા. રોજ રાતે સુતી વેળાએ કોપરેલ તેલ લગાવી દઉં છું, ત્યારે માંડ કરીને આ ઠંડીનો બીજો દાડો ભરાય.

ત્યાં ઠુંઠવાયેલા હાથ ચોળતા કેશુબહેન બોલ્યા, 'આ ઠંડી એ તો ભારે કરી, મારા તો હાજા ગગડી ગ્યા છે.' સવારે તો ઉઠવાનું જ મન નથી થાતું. હું યે કડિયાકામમાં માલના તગારા આપવાનું કામ કરું છું. વધારે ઠંડીને લીધે હાથ-પગ જાણે સાવ કામ કરવાના બંધ થઇ ગયા હોય એવું લાગે છે. સિમેન્ટ-રેતીનો માલ બનાવવા પાવડો હાથમાં પકડુ તો, સાવ ઝકડાઇ જાય છે. મારે તો આખો દિવસ પ્લાસ્ટર કામમાં માલ આપવાનો થાય છે, એટલે પાણીમાં જ રહેવાનું ને વળી, આ ઠંડી પડે છે તો શરદી-તાવ આવી ગયો છે. રોજ સવારે નયણાં કોઠે બાજરીના લોટ, ગોળ, અજમો નાખીને રાબ બનાવીને પીઉં છું. ગરમ પાણીમાં બામ નાખીને સવાર-સાંજ નાશ પણ લઉં છું. પણ તોય શરદીમાં ફેર નથી પડતો બોલો.

ડમ્પ સાઇડ સુએજફાર્મમાં કાગળ વિણનાર બહેનોના ખબર અંતર લીધા. પિરાણા ચામુંડાનગરના છાપરામાં રહેતા, ૫૫ વર્ષના ગૌરીબહેન કાગળ વિણવાર કહે, આ વર્ષે ઠંડીનો ચમકારો દેખાયો છે. હું તો વહેલી પરોઢિયે માથે રૂમાલ ને સાલ ઓઢી વિણવા નિકળી પડુ છું. ઠંડીના લીધે હાથમાં વાયટા ચઢી જાય છે, ને હાથથી કાગળ પણ નથી પકડાતું. ઠંડીને લીધે આખું શરીર ધ્રુજવા લાગે છે. રસ્તે ચાલતા સુસવાટા ભર્યો પવન સીધો આંખોમાં લાગે, તો આંખો પણ દુ:ખે છે. કાગળ વિણતા-વિણતા વાંકુ વળવું પડે તે આ ઠંડીને લીધે વળાતું નથી.

ગૌરીબહેનની વાત સાંભળી તો કાન્તાબહેનથી રહેવાયુ નહી કહે, આ ટાઢથી મને ચિકન ગુનિયા થઇ ગયો. વહેલી સવારે

ઉઠીને સીધા ડમ્પ સાઈડ કાગળ વિણવા જાઉ છું. બસ એ જ વિચાર કે જલદી પહોંચી જઈએ તો કાગળ મિણિયા વિણાય તો બે પૈસા હાથમાં આવે. પણ હમણાં ટાઢ એવી પડે છે કે, કાગળ વિણવા જવાતું નથી. મારું ઘર સાવ નાનું પતરાવાળું છે. ઠંડીને લીધે પતરા સાવ ઠરી જાય છે વળી, એમાંય તે થોડાક તુટેલા તિરાડવાળા છે. એના લીધે ઠંડો પવન એવો આવે તો આખી રાત ઉંઘ નથી આવતી. હાથ-પગ સાવ જકડાઈ ગયા, તે હાથમાં કાઈ પકડી ના શકુ એવા દુઃખે. ઘરમાં ચૂલો સળગતો રાખુ ને તાપતી આખી રાત જાગતી રહું. કેટલાય ઘરગથ્થું ઉપચાર કર્યા. ના છુટકે જ્યારે દવાખાને ગઈ તો ડૉક્ટરે કીધું કે તમને ચિકન ગુનિયા થઈ ગયો છે. ત્યારે મને ખબર પડી કે આવો હોય ચિકન ગુનિયાનો રોગ.

થોડી આગળ ચાલ્યા ત્યાં સામેથી મોટો દઈત કોથળો માથે લઈને આવતા જમનાબહેન મળ્યા, અમને જોઈને કહે, આવો સંતોક બેન, બહુ દા ડે આવ્યા ? સંતોકબહેન કહે, તમારી ખબર લેવા આવ્યા છીએ. માથેથી કોથળો ઉતારીને થોડો થાક ખાધોને બોલ્યા કે, ઠંડીની શું વાત કરું ઘરની બહાર નિકળવાની ઈચ્છા નથી થતી. પણ શું થાય જો કાગળ વિણવા ના જઈએ તો ઘરનો ચૂલો ક્યાંથી સળગે ?

હમણાં થોડાક દિવસથી ઠંડી વધી ગઈ છે. ઠંડીને લીધે તો કોઈ કામ કરવાની મરજી નથી થાતી. ને પાણી તો અડાવાનું મન નથી થાતું, પણ શું થાય બયરા માણહ ને ઘરનું કામ કર્યા વગર છુટકો જ નથી. આ સિઝનમાં એમને સાચવવા પણ બહુ કઠીન પડે છે. મારું ઘર એક રૂમ ને ખુલ્લી ઓસરી વાળું છે. ઓસરીમાં સાડીના પડદો છે ને દરવાજો લાકડાનો થોડો તુટલા જેવો છે. એમાંથી ઠંડી હવા લાગે છે એનાથી છોકરાને શરદી લાગી નાક બંધ થઈ જાય છે. તો હું થોડો અજમો વાટીને તેમના શરીર પર ભરીને ઓઢાડવાનું ધ્યાન રાખવું પડે છે. મારી એટલી પહોંચ નથી કે, ધાબળા કે સાલ લાવી શકુ. મારી જુની સાડીમાંથી બનાવેલી ગોદડીઓમાં લપેટી રાખુ ને આ શિયાળો કાઢું છું. હવે આમાં મારું તો શું ધ્યાન રાખું ?

બાપુનગરમાં શાકભાજી વેચનાર મણીબહેનને મળ્યાં, તેમને કહે, આ સિઝનની ઠંડી અમારા માટે બહુ આકરી પડી. મારા ઘરવાળાને હમણાં જ ગયા અઠવાડિયે હુમલો આવ્યો હતો. તાત્કાલિક મોટા દવાખાને દોડી પહોંચ્યા ને સારવાર લીધી. અને કેટલાય રિપોર્ટ કરાવ્યા મને તો એના નામ નથી બોલતા આવડતું પેલુ ઈકો એવુ કંઈક કે છે એ કરાવ્યું. મારે જીવ મુઠ્ઠીમાં આવી ગ્યો તો બોલો. ત્યારે ખબર પડી કે, આ ઠંડીને લીધે થયું હતું.

આ બધી બહેનોને મળ્યાં તો જાણવા મળ્યું કે, અજમા, તુલસીની વરાળનો નાકેથી ન્યાસ લેવાથી શરદી મટાડી શકાય છે. તેમજ સૂઠ અને ગોળ ભેળવીને બાળકોને ખવડાવે છે. આવી રીતે ઠંડીથી બચવાના પ્રયત્નો શ્રમજીવીઓ કરે છે.

**- ગોમતી**

❑

**"ટાઢ ટાઢ કરીએ નહિ**
**ટાઢના માર્યા મરીએ નહિ**
**ટાઢ વાય સૌને**
**ના વાય વહુ ને,"**

કચ્છ જિલ્લાના સભ્યોને ઠંડીની અસર નીચે પ્રમાણે જોવા મળી છે.

કાચા ઘર જુઓ ભંગાર કરીને રહે, તેમા સીધો પવન લાગતા સભ્યો બિમાર પડે છે. પુરતું ઓઢવાનું ના હોય, તાપણું કરે તો ભૂંગા બળી જવાની બીક લાગે. તેથી તાપણું બહાર કરીને ભૂંગામાં જાય. ઠંડી તો એવી લાગે છે. માણસોની સાથે સાથે ઘેટા-બકરાં મૃત્યુ પણ પામે છે. એક તો દુકાળનું વર્ષ છે. પશુઓ ને ઘાસચારો મળતો નથી. ઉપર આવી ઠંડીના કારણે ઘણા પશુઓ મરણ પામ્યા છે.

ભરતકામ કરતી બહેનો પણ ઘરના કામને પહોંચી શકતાં નથી. ઠંડો પવન અને વધુ ઠંડી હોવાના કારણે હાથના આંગળા ઠૂંઠવાય જાય છે. તેથી સોય કામ કરવામાં તકલીફો છે. અને ઉનાળામાં ત્રણથી ચાર કલાક ભરકામ કરે. પણ શિયાળામાં એકથી દોઢ કલાક કામ કરે છે. માટીકામ અને છુટક મજુરી કરતાં સભ્યોને પણ આજ હાલત થાય છે. ઠંડીના કારણે સવારે વહેલા કામ પર જઈ શકતાં નથી. ઠંડીના કારણે જેટલું કામ કરવાનું હોય તેનાથી અડધું જ કામ થાય છે. તેથી પુરતી રોજગારી મળી શકતી નથી. અને જંગલો કપાઈ ગયા હોવાથી બળતણનો પણ અભાવ છે. તેથી મોંઘા ભાવનું બળતણ લાવીને તાપણી કરવી પણ મોંઘી પડે છે. ઘરમાં ઓઢવા-પાથરવાના અભાવે ઠંડીમાં આખી રાત ઠુંઠવાઈ રહેવું પડતું હોય છે. ને રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોવાના કારણે જલ્દીથી બિમારીનો ભગ બને છે અને દેવા કરીને પણ દવા કરાવી પડે છે. પણ, આ બધા છતાં ઘરનાં કામ, છોકરાનાં કામ, રોજીનાં કામ આપણે કર્યે ક છુટકો. આપણે નહિ તો આપણું કામ તો આપણે જ કરવાનું હોય ને !

**- ગીતા સીતાપરા**

❑

# સેવા સમાચાર

### ભારતીય વન પ્રબંધન સંસ્થાનના વિદ્યાર્થીઓ સેવા અકાદમીના એક્ષ્પોઝર પર

ભારતીય વન પ્રબંધન સંસ્થાન (IIFM) ભોપાલથી ડેવલોપમેન્ટ મેનેજમેન્ટનું ભણતાં ૧૮ અનુસ્નાતક વિદ્યાર્થીઓ એ ૧૦ થી ૨૧ ડીસેમ્બર સુધી 'સેવા અકાદમી'માં એક્ષ્પોઝર માટે આવ્યા હતા. જેમાં તેઓએ 'સેવા'માં બહેનોનું સશક્તિકરણ કેવી રીતે થાય છે તે, તેમના ભણતરના ભાગરૂપે જોવા, જાણવા અને શીખવા આવ્યા.

જયારે તેઓ ઈલાબેનને રૂબરૂ મળ્યા ત્યારે ઈલાબેને ૧૦૦

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-1-2019

માઈલના વિચારને સમજાવ્યો. દરેક વ્યક્તિને જોઈતી ૩ પાયાની જરૂરિયાતો જેમ કે, રોટી, કપડા, મકાન તેમજ ૩ પાયાની સેવાઓ એક સ્વાસ્થ્ય, બેંક અને શિક્ષણની સમજ આપી. બેને તેમની વાતમાં અનુબંધ એક ટકાઉ રોજગારી માટે એક ઉકેલ બની રહેશે. તેમજ તમારા જેવા યુવાનો પાસેથી મને ઘણી આશા છે તે પણ કહ્યું.

વિદ્યાર્થીઓએ આ વિચારને તેમના જીવનનું સીમાચિહ્ન બની રહેશે તેવું જણાવ્યુ. ઈલાબેને બાયો ડાયવરસી એકટ વિશે પુછતાં કહ્યું ગામમાં નિશાળના બાળકો જોડે આ એક્ષસાઈજ કરાવો તે ખૂબ જ જરૂરી છે.

જેમાના ઘણાં વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા.

નાસીર અલી : 'સેવા' ઉપર એક ગીત બનાવ્યું .

''અપને આંચલ કો થામાં હે.....
જિંદગી ખૂબ સુરત યે જાના હે....
ઈતની તાકાત કિ ઝુમે જમાના હે....
બહેનો કી જિંદગી કો સવારા હે..... સેવા...
ઉમ્મીદ કી કીરને જગાયે સેવા....
કદમો મેં સપને બીછાયે સેવા...
સુખે લંબો કી મુસ્કાન લાયે સેવા....''

પ્રેરણા : મારે બીજી વાર અમદાવાદ આવવાનું થયુ નેં ખરા અર્થમાં મેં ગુજરાત અને અમદાવાદને હવે જાણ્યું છે. ખાસ કરીને આ અનુભવ ગ્રાસરૂટ સ્તરના લોકો સાથે રહેવાનો અને તેમાં પણ બહેનો સાથે વાત કરવાનો મોકો મળ્યો અને જેમાંથી જાણ્યું કે સશક્તિકરણ શું હોય છે.

શાન્તમ : સેવાએ અમને આ પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે જે અમે ચોપડીઓમાં ભણ્યા છીએ. અમારા વિચારોને સ્પષ્ટતા મળી છે. આખા સમાજના માળખાઓ ઉપર અસર પડે છે. તે ફક્ત બહેનો સુધી સિમીત નથી પણ, તેમના દ્વારા આખા સમાજ પર અસર થાય છે. અમે માઈક્રો ફાઈનાન્સનું ભણ્યા જે ક્રેડીટ ઓરિએન્ટેડ જોયું છે જયારે સેવાનું મોડેલ છે તે એકદમ જૂદું છે અને બચત આધારિત છે જે અમે ક્યાંય નથી જોયું.

મનીષાઃ કેવી રીતે સીમાંતે જીવતાં અસંગઠિત ક્ષેત્રના બહેનો માટે વિકાસનું કામ થાય છે તે, બધું જ આ દસ દિવસના એક્ષ્પોઝરમાં આવરી લેવામાં આવ્યું.

'સેવા અકાદમી' દ્વારા તેમના ફેકલ્ટી સાથે રહી વિદ્યાર્થીઓનું ગ્રેડેશન સર્ટીફિકેટ આપવામાં આવ્યું. પાછા ફરતાં બધાના ચહેરા ઉપર એક અનોખો આનંદ ચળકતો હતો.

**- સપના રાવલ**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-1-2019

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]